# ઓછો કાઉન્સિલ ટેક્સ કેવી રીતે ભરવો

## તમે વળતર (ડિસ્કાઉન્ટ) માટે યોગ્યતા ધરાવો છો?

પૂરા કાઉન્સિલ ટેક્સમાં બે વ્યક્તિઓ એક જ મકાનમાં રહે છે તેવુ માની લેવામાં આવે છે.

જો મકાનમાં બે કરતા વધુ વ્યક્તિઓ રહેતી હોય તો તે મકાનનું બીલ **વધશે નહીં**.

જો તમે તમારા મકાનમાં રહેતી **પુખ્તવયની એકલી વ્યક્તિ** હોવ તો તમારા બીલમાં ૨૫%નો ઘટાડો થઇ શકે છે.

જો મકાન **ખાલી હોય** તો તમારા બીલમાં ૫૦%નો ઘટાડો થઇ શકે છે.

વળતર લાગુ પડે છે કે નહીં તે નક્કી કરતી વખતે **કેટલીક વ્યક્તિઓની ગણતરી નથી કરવામાં** આવતી, એવી શરતે કે તેઓ અમુક શરતો પૂરી કરતા હોય.

આ શરતો નીચે પ્રમાણે છે :

- ૧૮ વર્ષથી નીચેની ઉંમરના બાળકો
- ૧૮ વર્ષથી ઉપરની ઉંમરની વ્યક્તિઓ કે જેને માટે હજુ પણ ચાઇલ્ડ બેનિફિટ ચુકવવામાં આવતુ હોય
- ૧૮ અને ૧૯ વર્ષની ઉંમરની વ્યક્તિઓ કે જેઓ ૩૦ એપ્રિલ પછી સ્કુલ છોડવાના હોય અને તેઓની તેજ વર્ષની ૧લી નવેમ્બર સુધી કાઉન્સિલ ટેક્સ માટે ગણતરી નહીં કરવામાં આવે.
- સખત માનસિક અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ
- એપ્રેન્ટીસીસ
- યુથ ટ્રેનિંગ ટ્રેનીઝ
- કેર વર્કર્સ
- કેરર્સ
- ઉચ્ચ કક્ષાની દેખભાળ પૂરી પાડતા રેસીડેન્શ્યલ કેર હોમ્સ, નર્સિંગ હોમ્સ અને હોસ્ટેલમાં હોય તેવા લોકો.
- હોસ્પિટલમાં રહેતા હોય તેવા દરદીઓ
- અટકાયતમાં હોય તેવા કેદીઓ (સિવાય કે કાઉન્સિલ ટેક્સની અથવા દંડ થયો હોય તેની ચુકવણી ના કરી હોય તે માટે)
- ફુલ ટાઇમ એજ્યૂકેશનમાં હોય તેવા વિદ્યાર્થીઓ
- સ્ટૂડન્ટ નર્સીસ
- યુ.કેમાં જેઓની મુખ્ય શાખા હોય તેવી આંતરરાષ્ટ્રિય સંસ્થાઓની રાજદ્વારી વ્યક્તિઓ અથવા સભ્યો અને તેઓના બ્રિટીશ ના હોય તેવા સાથીઓ.
- ધાર્મિક કોમ્યૂનિટીના સભ્યો જેવાકે મોન્કસ અને નન્સ

તમારુ છેલ્લુ કાઉન્સિલ ટેક્સ બિલ તપાસો. જો તમને સાચુ વળતર ના મળતુ હોય તો મહેરબાની કરીને કસ્ટમર સર્વિસીઝનો **હમણાં** જ સંપર્ક સાધો.

## ઓછો કાઉન્સિલ ટેક્સ કેવી રીતે ભરવો

નીચેના મકાનોને કાઉન્સિલ ટેક્સની ચુકવણીમાંથી મુક્તિ આપવામાં આવે છે કારણકે આખા મકાનમાં ફક્ત નીચેનામાંથી કોઇ રહે છે :

- સ્ટુડન્ટસ (વિદ્યાર્થીઓ)
- ૧૮ વર્ષથી નીચેની ઉંમરની વ્યક્તિઓ
- સખત માનસિક અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ કે જેઓ અન્યથા કાઉન્સિલ ટેક્સ માટે જવાબદાર બને
- જે મકાનમાં ઘરમાલિક અથવા કેર હોમના માલિક ચૂકવણી માટે જવાબદાર હોય તેઓને કાઉન્સિલ ટેક્સની ચુકવણીમાંથી મુક્તિ નથી મળતી.
- રહેવા માટેના સ્ટૂડન્ટસ હોલ્સ

નીચેના મકાનોને સિમિત સમય માટે મુક્તિ આપવામાં આવે છે કારણકે :

- તે મકાનમાં ખુબજ ઓછો સરસામાન હોય (છ મહિનાઓ માટે મુક્તિ)
- ચેરિટીની માલિકીના મકાનો હોય (છ મહિનાઓ માટે મુક્તિ)
- મકાનમાં માળખાને લખતા અથવા મોટા સમારકામની જરૂર હોય અથવા સમારકામ થઇ રહ્યુ હોય (બાર મહિનાઓ માટે મુક્તિ)
- પ્રમાણિત વસિયતનામા અથવા એડમિનિસ્ટ્રેશન માટેના કાગળો મળવાની રાહ જોવાતી હોય (અને ત્યાર પછીના છ મહિનાઓ માટે)

નીચેના મકાનોમાં કોઇ રહેતુ ના હોય ત્યારે તેઓને મુક્તિ આપવામાં આવે છે કારણકે તે :

- કોઇ વ્યક્તિ જેલમાં જતી હેય તેને કારણે તે ખાલી હોય (સિવાય કે કાઉન્સિલ ટેક્સની અથવા દંડ થયો હોય તેની ચુકવણી ના કરી હોય તે માટે)
- અંગત દેખભાળ મેળવવા માટે કોઇ વ્યક્તિ એક હોસ્પિટલ અથવા હોમ અથવા કોઇ અન્ય જગ્યાએ રહેવા ગયા હોય તે કારણે તે ખાલી હોય
- કોઇ અન્ય વ્યક્તિને અંગત દેખભાળ પૂરી પાડવા માટે ગયા હોવાને કારણે ઘરને ખાલી છોડવામાં આવ્યુ હોય
- ઘરને રીપઝેસ કરવામાં આવ્યુ હોય (કબજો પાછો લઇ લેવામાં આવ્યો હોય)
- ઘરને એક એનેક્સ તરીકે વર્ણવવામાં આવ્યુ હોય. જેમકે ગ્રાની ફ્લેટ
- ખાલી હોય કારણકે કાનૂનિરૂપે તેમાં રહેવાની મનાઇ ફરમાવવામાં આવી હોય
- ઘર્મને લગતા કોઇ મીનીસ્ટર તેમાં રહેવા જવાના હોય
- મકાનની જવાબદારી બેન્કરપ્ટ (દેવાળુ કાઢેલ) વ્યક્તિના ટ્રસ્ટીની હોય
- સ્ટૂડન્ટ ઘરમાલિક મારફત મકાન ખાલી છોડવામાં આવ્યુ હોય.

તમારૂ છેલ્લુ કાઉન્સિલ ટેક્સનું બીલ તપાસો.  ઉપરોક્ત કોઇ પણ મુક્તિઓ તમને લાગુ પડે છે?

## ઓછો કાઉન્સિલ ટેક્સ કેવી રીતે ભરવો

### તમને ડીસેબલમેન્ટ રીલીફ (અક્ષમતાને લગતી રાહત) મળવુ જોઇએ?

જયારે તમે ડીસેબલમેન્ટ રીલીફ માટે યોગ્યતા ધરાવતા હશો ત્યારે તમારા મકાનનું બીલ કદાચ મકાનના બેન્ડ કરતા એક બેન્ડ ઓછુ થશે અથવા જો તમે એ બેન્ડમાં હશો તો તેના ૧/૬ ભાગ જેટલુ ઓછુ થશે.

લાયકાત ધરાવવા માટે ઘરમાં રહેતી અક્ષમતા (ડીસેબિલિટી) ધરાવતી વ્યક્તિ (બાળક અથવા પુખ્ત વયની વ્યક્તિ)ના કલ્યાણ માટે અમુક જરૂરી, અથવા ખુબજ મહત્વ ધરાવતા લક્ષણો ઘરમાં હોવા જરૂરી છે.

આ લક્ષણો નીચે પ્રમાણે છે :

- એક રૂમ (બાથરૂમ, રસોડા અને ટોઇલેટ સિવાય) જેનો મુખ્યત્વે ડિસેબિલિટી ધરાવતી વ્યક્તિ મારફત ઉપયોગ થતો હોય. દા.ત. નીચે એક બેડરૂમ, ડાયાલીસીસના વપરાશ માટે એક રૂમ
- ડીસેબિલિટી ધરાવતી વ્યક્તિના વપરાશ માટે એક વધારાનું બાથરૂમ અથવા રસોડુ
- નિવાસસ્થાનની બહાર વ્હીલચેરના વપરાશ માટે વધારાની જગ્યા

કાઉન્સિલે એ નક્કી કરવુ પડે છે કે **જો** મકાનમાં વધારાના લક્ષણો ઉપલભ્ય **ના** હોય તો ડિસેબિલિટી ધરાવતી વ્યક્તિ :

- ને ઘરમાં રહેવામાં ખુબજ મુશ્કેલી પડશે કે નહીં
- તેઓની તંદુરસ્તિ ઉપર તેનાથી કોઇ અસર પડશે કે નહીં
- ડીસેબિલિટી વધુ ગંભિર બનશે કે નહીં

<u>**નોંધ**</u>

**વધારાની જગ્યા ખાસ બાંધવામાં આવેલ હોય તેવુ જરૂરી નથી, પરંતુ તે હાલનો રૂમ હોઇ શકે છે કે જેનો ઉપયોગ ડીસેબિલિટી ધરાવતી વ્યક્તિઓ માટે થતો હોય.**

ડીસેબલમેન્ટ રીલીફ મેળવવા માટે, એક અરજીપત્રક ભરવુ પડે છે. મહેરબાની કરીને ફોર્મ મેળવવા માટે **હમણાંજ** કસ્ટમર સર્વિસીઝનો સંપર્ક સાધો.

### હાઉઝિંગ/કાઉન્સિલ ટેક્સ બેનિફિટ શું છે?

હાઉઝિંગ બેનિફિટ એક મીન્સ ટેસ્ટેડ બેનિફિટ (આવક ઉપર આધાર રાખતુ બેનિફિટ) છે. તે રેન્ટ રીબેટ અથવા રેન્ટ અલાવન્સ તરીકે પણ ઓળખાય છે.

કાઉન્સિલ ટેક્સ બેનિફિટ એક આવક ઉપર આધાર રાખતુ બેનિફિટ છે અને તે કાઉન્સિલ ટેક્સના ખર્ચમાં મદદ કરવા માટે ચુકવવામાં આવે છે. તે તમે યોગ્યતા ધરાવતા હોય તેવા વળતર ઉપરાંત ચુકવવામાં આવે છે.

અંગત સંજોગો ઉપર આધારિત તમે ૧૦૦% સુધીની મદદ બન્ને બેનિફિટો માટે મેળવી શકશો.

એક બીજુ કાઉન્સિલ ટેક્સ બેનિફિટ પણ છે જે સેકન્ડ એડલ્ટ રીબેટ (૨.એ.આર) તરીકે ઓળખાય છે.  જો તમારી આવક ઘણીં વધારે હોય અને તમારા ઘરમાં અન્ય પુખ્ય વયની વ્યક્તિ રહેતી હોય કે જેઓ (તમારા સાથી ના હોય) ઓછી આવક ધરાવતા હોય તો તમે કદાચ સેકન્ડ એડલ્ટ રીબેટ માટે યોગ્યતા ધરાવશો.  સેકન્ડ એડલ્ટ માટેનું બેનિફિટ તમારા કુલ બીલના ૨૫% જેટલુ સિમિત છે.  જ્યારે તમે અરજી કરશો ત્યારે અમે આપોઆપ જ બન્ને બેનિફિટોની આંકણીં કરીશું, છતાંપણ, તમે જો ઇચ્છો તો સેકન્ડ એડલ્ટ રીબેટ માટે અરજી કરી શકો છો.

**કોણ ક્લેમ કરી શકે છે?**

એવી કોઇ પણ વ્યક્તિ કે જેઓ એકલી વ્યક્તિ તરીકે અથવા કોઇ સાથે મળીને ઘરમાં રહેવા માટેનો ખર્ચો અથવા કાઉન્સિલ ટેક્સનો ખર્ચો, અથવા બન્ને ચુકવતા હોય તેઓ ક્લેમ કરી શકે છે.

આમાં ઘરમાં રહેતી વ્યક્તિઓ, કાઉન્સિલના ભાડૂતો, હાઉઝિંગ એસોસીએશનના ભાડૂતો, ખાનગી ઘરમાલિકો, પેટા ભાડૂતો, લોજરો અને સેકન્ડ એડલ્ટસનો સમાવેશ થઇ શકે છે. (આ દરેક ગ્રુપો કદાચ બન્ને બેનિફિટો ક્લેમ નહીં કરી શકે)

**મને કેવી રીતે ખબર પડશે કે હું બેનિફિટ મેળવવા માટે યોગ્યતા ધરાવું છું?  અને હું કેવી રીતે ક્લેમ કરી શકીશ?**

આ પાનાના નીચેના ભાગે આપવામાં આવેલ ટેલીફોન નંબરો ઉપર ટેલીફોન કરવા મારફત તમે ક્લેમ ફોર્મ અને આગળ વધુ સલાહ મેળવી શકો છો, જેમાં હાથેથી કરવામાં આવેલ ગણતરીનો સમાવેશ થાય છે.

**મારે બન્ને બેનિફિટો ક્લેમ કરવા છે, મારે બે ફોર્મ ભરવા પડશે?**

ના.  બન્ને બેનિફિટો માટે એક જ ફોર્મ લાગુ પડશે.  તમે તે જ ફોર્મનો સેકન્ડ એડલ્ટ રીબેટ ક્લેમ કરવા માટે પણ ઉપયોગ કરી શકો છો.

**જ્યારે હું ક્લેમ કરીશ ત્યારે બેનિફિટ શરૂ ક્યારથી થશે? અને તે મળવાનું ક્યાં સુધી ચાલુ રહેશે?**

મોટા ભાગના બેનિફિટો અમને અરજી મળ્યા પછીના સોમવારથી ચાલુ થશે.  છતાંપણ એવા કેટલાક કીસ્સાઓ છે કે જ્યારે બેનિફિટ વહેલુ ચાલુ થઇ શકે છે.  જો તમને એમ લાગે કે નજીકના ભવિષ્યમાં તમારા સંજોગો બદલાવાના છે તો તમે ૧૩ અઠવાડીયા અગાઉથી ક્લેમ કરી શકો છો.  મહેરબાની કરીને ફોર્મમાં જણાવો કે તમે સંજોગો બદલાવાના હોવાને કારણે ક્લેમ કરી રહ્યા છો.  આનું એક ઉદાહરણ છે કે તમે નજીકના ભવિષ્યમાં નિવૃત્ત થવાના હોવ.

તમારો ક્લેમ ૬૦ અઠવાડીયાઓ સુધી લાગુ પડી શકે છે, પરંતુ તમારા ક્લેમની સામાન્ય અવધી ૫૨ અઠવાડીયાઓની હશે, છતાંપણ આ તેનાથી ઓછી હોઇ શકે છે જેનો આધાર તમારા ક્લેમના પ્રકાર ઉપર રહેશે.

તમારૂ ક્લેમ ફોર્મ તરત જ પરત કરો, તમારી પાસે અરજી ભરવા માટે દરેક માહિતી/જરૂરી પૂરાવાઓ ભેગા થાય ત્યાં સુધી રાહ ના જુઓ, કારણકે તમે તેને પછીથી પણ મોકલાવી શકો છો.

**મારા ક્લેમના પૂરાવા તરીકે મારે અરજીપત્રક સાથે કયા દસ્તાવેજો મોકલવાની જરૂર છે?**

સરકારના કાયદાઓમાં હાલમાં થયેલા ફેરફારો હેઠળ, અરજી કરનારે તેઓના સાથીની ઓળખ અને નેશનલ ઇન્શ્યોરન્સ નંબરના પૂરાવાઓ પૂરા પાડવા જરૂરી છે, વધુમાં તમારી પોતાની તથા અન્ય સભ્યોની આવક/બચતના પૂરાવાઓ પૂરા પાડવા જરૂરી છે.

આ યાદીમાંથી બે ઓળખના પૂરાવાઓ પૂરા પાડવા જરૂરી છે :

- બેન્ક સ્ટેટમેન્ટ (જેની ઉપર છેલ્લા ચાર અઠવાડીયાઓ દરમ્યાનની તારિખ હોવી જોઇએ)
- બેનિફિટ પેમેન્ટ બૂક (તમે આ ટપાલ મારફત ના મોકલો તેવુ અમે પસંદ કરીએ છીએ)
- જન્મનું પ્રમાણપત્ર (બર્થ સર્ટીફીકેટ)/ પૂરૂ અથવા ટુંકુ

- હર મેજેસ્ટીઝ ફોર્સીસમાં કામ કરતા હોવ તેનું પ્રમાણપત્ર
- મર્ચન્ટ નેવીમાં કામ કરતા હોવ તેનું પ્રમાણપત્ર
- ડીવોર્સ (છુટાછેડા) અથવા અનલમેન્ટ(લગ્ન રદ થયા)ના કાગળો
- ડ્રાઇવિંગ લાઇસન્સ
- હોમ ઓફિસનો સ્ટાન્ડર્ડ એકનોલેજમેન્ટ લેટર (એસ.એ.એલ ૧ અથવા ૨)
- ઇ.સી/ઇ.ઇ.એ મેમ્બર સ્ટેટ મારફત ઇશ્યુ કરવામાં આવેલ ઓળખપત્ર
- વકિલ/સોશ્યલ વર્કર/પ્રોબેશન ઓફિસર/ઇનલેન્ડ રેવન્યુમાંથી આવેલ કાગળો
- લાઇફ એશ્યોરન્સ/ઇન્શ્યોરન્સ પોલિસીઓ
- મેરેજ સર્ટીફીકેટ
- નેશનલ ઇનસ્યોરન્સ નંબર કાર્ડ
- પાસપોર્ટ (હાલનો અને કાયદેસર)
- યુકેમાં રહેવાની પરવાનગિ (યુકે રેસીડન્સ પરમીટ)
- યુટીલીટી બીલ (છેલ્લા ત્રણ મહિનાઓ માટે અરજીકરનાર વ્યક્તિના નામે ચુકવેલ)
- હાલના કામે રાખનાર પાસેથી મળેલ વેતનની પાવતી (વેજ સ્લીપ)

આ તમે ધારો તેટલુ ડરી જવાય તેવુ નથી કારણકે કેટલાક દસ્તાવેજો તમે આવક/બચતના પૂરાવા તરીકે આપશો.

આવક/બચતના પૂરાવા રૂપે તમારે તમારી દરેક આવકો અને બચતોના દરેક પૂરાવાઓ પૂરા પાડવા પડશે (દા.ત. છેલ્લા ૫ અઠવાડીયાઓ/બે મહિનાઓની વેજ સ્લીપો, ડી.એસ.એસની બેનિફિટ બુકો/કાગળો, હાલના અકાઉન્ટ સ્ટેમેન્ટો, યૂનિટ ટ્રસ્ટ, વગેરે).

**મારી બચતની મારા ક્લેમ ઉપર શું અસર થશે?**

તમે £૧૬,૦૦૦ સુધીની બચત તમારા અને તમારા સાથી વચ્ચે રાખી શકો છો, છતાંપણ £૩,૦૦૦ ઉપરની બચત ઉપર અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે £૬,૦૦૦થી વધુની બચત હશે તો તેનાથી તમારા હાઉઝિંગ/કાઉન્સિલ ટેક્સ બેનિફિટના ક્લેમ ઉપર અસર થશે.

બચતમાં હાલના અકાઉન્ટો, અન્ય બેન્ક/બીલ્ડીંગ સોસાયટી/પોસ્ટ ઓફિસ અકાઉન્ટો, યૂનિટ ટ્રસ્ટો, આઇ.એસ.એઝ (પૂર્વે પી.ઇ.પીઝ તરીકે ઓળખાતા), નેશનલ સેવીંગ્ઝ સર્ટીફીકેટસ, શેર્સ, પ્રીમીયમ બોન્ડઝ અને મિલકત/જમીનનો સમાવેશ થાય છે.

**હું બેનિફિટ મેળવી રહ્યો/રહી છું અને મારા સંજોગો બદલાયા છે, મારે શું કરવુ જરૂરી છે?**

જો તમારા સંજોગો બદલાય તો તેના એક મહિનાની અંદર તમારે અમને લેખિત જાણ કરવી જરૂરી છે, નહીં તો તમે કદાચ તમારૂ બેનિફિટ ગુમાવશો.

તમારે નીચે જણાવેલ એક સરનામે આવવુ પડશે અથવા તમને તમારા બેનિફિટની જાણ કરતા પત્ર સાથે મોકલવામાં આવેલ પીળા રંગનું સંજોગો બદલાયાની જાણ કરવા માટેનું ફોર્મ ભરીને અમને પરત કરો.

હાઉઝિંગ/કાઉન્સિલ ટેક્સ બેનિફિટ આવક ઉપર આધારીત છે, આથી એ મહત્વનું છે કે તમે ફેરફારોની તુરંત જ જાણ કરો કે જેથી વધુ પડતી બેનિફિટની ચુકવણી (ઓવરપેમેન્ટ) ટાળી શકાય.

સંજોગોમાં ફેરફાર ઘરના ગમે તે સભ્યને લાગુ પડતો હોઇ શકે છે, ફેરફારોના ઉદાહરણો નીચે પ્રમાણે છેઃ

- જો તમે તમારૂ સરનામુ બદલો
- જો તમારૂ ભાડૂ બદલાય (ફક્ત ખાનગિ ભાડૂતો)
- જો તમે અથવા તમારા સાથી હોસ્પિટલમાં જાવ
- જો તમારી અથવા સાથીની આવક અથવા બચત વધે અથવા ઘટે જેમાં નીચેનાનો સમાવેશ થાય છે :
- જો ઇન્કમ સપોર્ટ/જોબ સીકર્સ અલાવન્સ બંધ થઇ જાય (એવુ ના માની લો કે ડી.એસ.એસ અમને જાણ કરશે)

    - કામ શરૂ કરતા હોવ અથવા રોજગાર બદલતા હોવ
    - જો તમારા સ્ટેટ બેનિફિટનો પ્રકાર અથવા મળતી રકમમાં ફેરફાર થાય
    - જો તમારૂ વેતન (પગાર) વધે અથવા ઓછો થાય
    - જો તમારૂ ખાનગિ વેતન વધે
    - જો વર્કિંગ ફેમિલીઝ ટેક્સ ક્રેડીટ વધે અથવા ઓછી થાય

- તમારી સાથે રહેતા લોકોને અસર કરતા ફેરફારો જેમાં નીચેનાનો સમાવેશ થાય છે :

    - જો તમારી સાથે કોઇ રહેવા આવે અથવા જો કોઇ તમારૂ ઘર છોડી જાય.
    - જો તમારી સાથે રહેતી કોઇ વ્યક્તિની આવકને લગતા સંજોગો બદલાય (દા.ત. કામ શરૂ કરે અથવા ઇન્કમ સપોર્ટ/જોબ સીકર્સ અલાવન્સ પૂરૂ થાય)
    - જો તમને ચાઇલ્ડ બેનિફિટ મળતુ બંધ થઇ જાય.

આ યાદી સર્વગ્રાહી નથી અને જો તમને એમ લાગે કે કોઇ પણ ફેરફારોની તમારી હકદારી ઉપર અસર થશે તો તમારે આ પાનાની નીચે જણાવેલ લાગતી વળગતી ઓફિસમાં તપાસ કરવી.

**સેલફોર્ડ ડાઇરેક્ટનો કેવી રીતે સંપર્ક સાધવો.**

માફી અને વળતર વિષે માહિતી મેળવવા માટે અને કાઉન્સિલ ટેક્સને લગતી અન્ય પુછપરછો માટે મહેરબાની કરીને **કસ્ટમર કોન્ટેક્ટ સેન્ટરનો ૦૧૬૧ ૯૦૯ ૬૫૦૨ ઉપર સંપર્ક સાધો.**

ખાનગિ ભાડે રાખેલ/ઘરમાં રહેતા ઘરમાલિકો માટેના હાઉઝિંગ/કાઉન્સિલ ટેક્સ બેનિફિટની પુછપરછ માટે **કસ્ટમર સેન્ટરનો ૦૧૬૧ ૯૦૯ ૬૫૦૪ ઉપર સંપર્ક સાધો.**

સ્થાનિક ઓથોરિટીની માલિકીના મકાનોમાં રહેતા લોકોએ હાઉઝિંગ/કાઉન્સિલ ટેક્સ બેનિફિટની પુછપરછ માટે **કસ્ટમર સેન્ટરનો ૦૧૬૧ ૯૦૯ ૬૫૦૬ ઉપર સંપર્ક સાધવો.**

**સોલફર્ડ ડાયરેક્ટ હવે ભાષાંતરની સેવા પૂરી પાડે છે. વિગતો તથા મદદ માટે ઉપરોક્ત કોઇ પણ નંબર ઉપર ટેલીફોન કરો.**

**અથવા જાતે આવીને મળો**

**સોલફર્ડ ડાયરેક્ટ કસ્ટમર સર્વિસીઝ, સોલફર્ડ સીવીક સેન્ટર, ચોરલી રોડ, સ્વીન્ટન**

**ઇમેલ મારફત :** **Revenues@Salford.gov.uk**

**ટપાલ મારફત**

**સોલફર્ડ ડાયરેક્ટ, સોલફર્ડ સીવીક સેન્ટર, ચોરલી રોડ, સ્વીન્ટન, એમ.૨૭ ૫એ.ડબલ્યુ.**